This Question Paper contains 20 printed pages.

Sl.No. 0800370

# 331 (G)

(FEBRUARY-MARCH, 2026)
(SCIENCE STREAM)
(CLASS - XII)

પ્રશ્ન પેપરનો સેટ નંબર જેની સામેનું વર્તુળ OMR શીટમાં ઘટ્ટ કરવાનું રહે છે.
Set No. of Question Paper, circle against which is to be darken in OMR sheet.

**08**

*Time : 2 Hours]* | *[Maximum Marks : 100*

સૂચનાઓ:

1) આ પ્રશ્નપત્રમાં હેતુલક્ષી પ્રકારના કુલ 100 પ્રશ્નો છે. બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
2) કાળજીપૂર્વક દરેક પ્રશ્નનો અભ્યાસ કરી, સાચો વિકલ્પ પસંદ કરીને જવાબ લખો.
3) આપને અલગથી આપેલ OMR પત્રકમાં જે તે પ્રશ્ન નંબર સામે (A) O, (B) O, (C) O, (D) O આપેલા છે. તે પ્રશ્નનો જે જવાબ સાચો હોય તેના વિકલ્પ પરના વર્તુળને બોલપેનથી પૂર્ણ ઘટ્ટ ● કરવાનું રહેશે. એકથી વધુ ઉત્તર ઘટ્ટ ● કરેલ હશે તો તે ઉત્તર અમાન્ય ગણાશે.
4) દરેક પ્રશ્નનો 1 ગુણ છે.
5) રફ કાર્ય હેતુ આ ટેસ્ટ બુકલેટમાં આપેલી જગ્યામાં જ કરવાનું રહેશે.
6) જવાબ લખતાં પહેલા પ્રશ્નોને ધ્યાન પૂર્વક વાંચી લેવા.
7) પ્રશ્નપત્રમાં ઉપરની જમણી બાજુમાં આપેલા પ્રશ્નપત્ર સેટ નં.ને OMR પત્રકમાં આપેલી જગ્યામાં લખવાનું રહેશે.

---

1) OLX.com વેબસાઈટ એ ઈ-કોમર્સની નીચેના પૈકી કઈ વ્યાવસાયિક પ્રતિકૃતિનું ઉદાહરણ છે?

(A) વ્યવસાયીથી વ્યવસાયી - B2B (B) ગ્રાહકથી વ્યવસાયી - C2B
(C) વ્યવસાયીથી ગ્રાહક - B2C (D) ગ્રાહકથી ગ્રાહક - C2C

2) ઈ-ગવર્નન્સના ભાગ તરીકે ગુજરાત સરકારે પોતાનું કયું નેટવર્ક વિકસિત કર્યું છે?

(A) GSNET (B) GSLAN
(C) GSWAN (D) GSMAN

---

રફ કાર્ય

3) વ્યાવસાયિક હેતુ માટે સ્થાનની માહિતી પૂરી પાડતી તક્નિકના ઉપયોગને શું કહે છે?

(A) પરંપરાગત કોમર્સ (B) એમ-કોમર્સ

(C) એલ-કોમર્સ (D) ઈ-કોમર્સ

4) માત્ર અધિકૃત ઉપયોગકર્તાને જ સિસ્ટમના ઉપયોગની પરવાનગી આપવામાં આવે- તે સુરક્ષાનો કયો પ્રકાર દર્શાવે છે?

(A) અખંડિતતા (Integrity) (B) ગુપ્તતા (Confidentiality)

(C) અસ્વીકાર (Non-repudiation) (D) અધિકૃતતા (Authorization)

5) ઉપયોગકર્તાના મશીન કે નેટવર્કને સ્થગિત કરી નાખી તેને નિરુપયોગી બનાવી દેવાનું આક્રમણ નીચેનામાંથી કયા નામે ઓળખાય છે?

(A) Cyber vandalism (B) Denial of Service attack

(C) Spoofing (D) Malicious code

6) વાયરસ, વોર્મ અને ટ્રોજનહોર્સ જેવા દૂષિત કોડને શોધી, અટકાવી અને દૂર કરવાની પ્રક્રિયા કરતા કમ્પ્યુટર પ્રોગ્રામને શું કહે છે?

(A) ક્રિપ્ટોગ્રાફી (B) ડિજિટલ સર્ટિફિકેટ

(C) ફાયરવોલ (D) એન્ટિવાઈરસ સોફ્ટવેર

7) નીચેનામાંથી વેબસાઈટની કઈ શરૂઆત દર્શાવે છે કે સાઈટને SSL દ્વારા સુરક્ષિત કરવામાં આવેલી છે?

(A) ssls:// (B) ssl://

(C) https:// (D) http://

8) નીચેનામાંથી કઈ ટ્રેડમાર્કની નિશાની નથી?

(A) MS (B) SM

(C) ® (D) TM

---

રફ કાર્ય

9) ફાઈલની કોપીરાઈટ માહિતીને ઓળખવા માટે ચિત્ર, ઓડિયો કે વિડિયોમાં ઉમેરવામાં આવતા ડિજિટલ કોડને શું કહે છે?

(A) Watermark (B) Digital mark

(C) Code mark (D) Image mark

10) નીચેનામાંથી શેના દ્વારા કોઈ વ્યસ્ક વ્યક્તિ બાળક સાથે મિત્રાચારી કરીને તેની સાથે ભાવનાત્મક જોડાણ રચે છે?

(A) સોશિયલ એન્જિનિયરિંગ (B) સાયબર ગ્રુમિંગ

(C) ફિશિંગ (D) સાયબર બુલિંગ

11) "એક સ્થળથી અન્ય સ્થળ સુધીનું દિશાસૂચન"-એ સ્થાન આધારિત (location based) નીચેના પૈકી કઈ સેવાનું ઉદાહરણ છે?

(A) Emergency services (B) Mapping

(C) Advertising promotion (D) Navigation

12) સંસ્થાના નેટવર્ક અને બહારની દુનિયા વચ્ચે સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતી નેટવર્કની સુરક્ષા-સીમાને શું કહે છે?

(A) ડિજિટલ વોલ (B) ડિજિટલ સર્ટિફિકેટ

(C) ફાયરવોલ (D) એન્ટિવાઈરસ સોફ્ટવેર

13) ઓનલાઈન વ્યવહારોને સુરક્ષિત બનાવવા માટે મોટા ભાગની ક્રેડિટકાર્ડ સંસ્થાઓ નીચેના પૈકી કોનો ઉપયોગ કરે છે?

(A) RET (B) SET

(C) PET (D) TET

14) નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) એ શરૂ કરેલી કાર્ડ દ્વારા ચૂકવણીની એક નવી રીત નીચેના પૈકી કઈ છે?

(A) RuPay card (B) V Pay card

(C) GPay card (D) MPay card

---

રફ કાર્ય

(P.T.O.)

15) ઓબ્જેક્ટ આધારિત પદ્ધતિમાં કઈ વસ્તુ કેન્દ્રબિંદુ ઉપર હોય છે?

(A) પ્રક્રિયાઓ
(B) વિધેય
(C) ઓબ્જેક્ટ
(D) ડેટા

16) નીચેનામાંથી કયું દશ્યતાનું ચિન્હ નથી?

(A) +
(B) ~
(C) #
(D) *

17) ક્લાસ-ડાયાગ્રામમાં કોમ્પોઝિશનને કયા ચિન્હ વડે દર્શાવવામાં આવે છે?

(A) ભરેલ ત્રિકોણના ચિન્હ વડે
(B) ભરેલ હીરાના ચિન્હ વડે
(C) ખાલી ત્રિકોણના ચિન્હ વડે
(D) ખાલી હીરાના ચિન્હ વડે

18) ઓબ્જેક્ટ આધારિત પ્રોગ્રામિંગમાં ઓબ્જેક્ટનું વર્ણન કરતી જુદી-જુદી લાક્ષણિકતાઓને બીજા કયા નામે ઓળખવામાં આવે છે?

(A) ડેટા ફિલ્ડ
(B) ટેક્સ્ટ ફિલ્ડ
(C) મેટા ફિલ્ડ
(D) કેરેક્ટર ફિલ્ડ

19) OMG નું પૂર્ણ નામ નીચેના પૈકી કયું છે?

(A) Object Managing Group
(B) Object Managed Group
(C) Object Management Group
(D) Object Manager Group

20) ઓબ્જેક્ટ આધારિત પ્રોગ્રામિંગમાં નીચેના પૈકી કયો ગુણધર્મ પ્રોગ્રામની બહારથી ડેટા મેળવવાનું અટકાવીને (inaccessible) ડેટાને સુરક્ષિત કરે છે?

(A) Inheritance
(B) Encapsulation
(C) Polymorphism
(D) Abstraction

રફ કાર્ય

21) ઓબ્જેક્ટ આધારિત પ્રોગ્રામિંગમાં નીચેના પૈકી કયો ગુણધર્મ પ્રક્રિયાના અમલીકરણની માહિતી ગુપ્ત રાખીને ડેટાની રજૂઆત વડે ડેટાને સુરક્ષિત બનાવે છે?

(A) Inheritance
(B) Encapsulation
(C) Polymorphism
(D) Abstraction

22) ઓબ્જેક્ટ આધારિત પ્રોગ્રામિંગ એક જ ક્લાસમાં એક કરતા વધારે મેથડ કે જેનાં નામ સરખાં હોય પણ સિગ્નેચરથી અલગ હોય તેને વ્યાખ્યાયિત કરવાની મંજૂરી આપે છે. આ લાક્ષણિકતાને શું કહેવામાં આવે છે?

(A) મેથડ ઓવરલોડિંગ
(B) ઓબ્જેક્ટ ઓવરલોડિંગ
(C) ક્લાસ ઓવરલોડિંગ
(D) ફાઈલ ઓવરલોડિંગ

23) ઓબ્જેક્ટ આધારિત પ્રોગ્રામિંગમાં બે ક્લાસ વચ્ચેના ભિન્ન (non-exclusive) સંબંધને કોણ રજૂ કરે છે?

(A) એબ્સ્ટ્રેક્શન
(B) એગ્રિગેશન
(C) પોલિમોર્ફિઝમ
(D) કોમ્પોઝિશન

24) ઓબ્જેક્ટ આધારિત પરિભાષામાં હયાત ક્લાસને શું કહેવામાં આવે છે?

(A) ડિરાઈવ્ડ ક્લાસ (Derived class)
(B) સબક્લાસ (Subclass)
(C) ચાઈલ્ડ ક્લાસ (Child class)
(D) બેઈઝ ક્લાસ (Base class)

25) જાવામાં કેટલી પ્રાથમિક (primitive) ડેટાટાઈપ હોય છે?

(A) 16
(B) 4
(C) 8
(D) 2

26) જાવામાં નીચેનામાંથી માન્ય ચલના નામનો પહેલો અક્ષર કોણ ન હોય શકે?

(A) ડોલર ($)
(B) અંક
(C) અક્ષર
(D) અન્ડરસ્કોર ( _ )

રફ કાર્ય

27) જાવામાં અંક ગણિતની પદાવલી -7% 2 નું પરિણામ શું મળશે?

(A) −3.5
(B) −1
(C) 1
(D) −3

28) જાવા પ્રોગ્રામ કંઈ પણ ભૂલ વિના કંપાઈલ થાય ત્યારે, કંપાઈલર નીચેના પૈકી કયા અનુલંબન (extension) સાથેની ફાઈલ બનાવશે?

(A) .exe
(B) .txt
(C) .obj
(D) .class

29) SciTE એડિટરમાં જાવા પ્રોગ્રામનો અમલ કરવા માટે નીચેના પૈકી કયા મેનૂ-વિકલ્પનો ઉપયોગ થાય છે?

(A) Tools → Go
(B) Tools → Run
(C) Tools → Execute
(D) Tools → Play

30) જાવા પ્રોગ્રમમાં એક-લીટીની કોમેન્ટ લખવા માટે નીચેના પૈકી કઈ સંજ્ઞાનો ઉપયોગ થાય છે?

(A) \\
(B) *\
(C) //
(D) /*

31) જાવામાં નીચેનામાંથી કયા એકપદી પ્રક્રિયકને વૃદ્ધિ પ્રક્રિયક (increment operator) કહેવામાં આવે છે?

(A) − −
(B) + +
(C) $ $
(D) # #

32) જાવામાં જ્યારે ચલ કે પદાવલીની કિંમત પ્રમાણે અલગ-અલગ ઘણાં કાર્યોના વિકલ્પ હોય, ત્યારે નીચેના પૈકી કયા સ્ટેટમેન્ટનો ઉપયોગ થાય છે?

(A) do...while
(B) for
(C) while
(D) switch

રફ કાર્ય

160 33) જાવામાં નીચેના પૈકી કયું લૂપ નિર્ગમન-નિયંત્રિત (exit - controlled) પ્રકારનું લૂપ છે?

(A) until (B) while

(C) do...while (D) for

161 34) જાવામાં નીચેના પૈકી કયા વિધાનનો ઉપયોગ સ્વિચ કે લૂપ પ્રકારની રચનાની બહાર પ્રોગ્રામનું નિયંત્રણ ફેરવવા માટે થાય છે?

(A) break (B) back

(C) continue (D) send

169 35) જાવામાં નીચેનામાંથી કોણ એટ્રિબ્યૂટ અને મેથડને વ્યાખ્યાયિત કરે છે?

(A) વેરિયેબલ (B) ઓબ્જેક્ટ

(C) ઈન્સ્ટન્સ (D) ક્લાસ

169 36) જાવામાં નીચેનામાંથી કયો પ્રક્રિયક ઓબ્જેક્ટ બનાવે છે અને તેનો રેફરન્સ પરત કરે છે?

(A) એસાઈમેન્ટ (=) (B) new

(C) કોલન (:) (D) ડોટ (.)

176 37) જાવામાં નીચનામાંથી કઈ મેથડ ઓબ્જેક્ટ બનાવતા સમયે આપોઆપ ઈન્વોક થાય છે?

(A) ઓબ્જેક્ટ મેથડ (B) કન્સ્ટ્રક્ટર

(C) ક્લાસ મેથડ (D) ઈન્સ્ટન્સ મેથડ

169 38) જાવામાં જ્યાં ઓબ્જેક્ટ રાખવામાં આવે છે, તે મેમરીના ખાસ ભાગને શું કહેવામાં આવે છે?

(A) meap (B) deap

(C) heap (D) leap

---

રફ કાર્ય

39) જાવામાં નીચેના પૈકી કોણ વણવપરાયેલા ઓબ્જેક્ટને શોધે છે અને તે આ ઓબ્જેક્ટ દ્વારા વપરાયેલી મેમરી પાછી મેળવે છે?

(A) recycle bin (B) garbage bin
(C) recycle collector (D) garbage collector

40) જાવામાં જે વેરિયેબલ (ચલ) મેથડ કે બ્લોકની અંદર વ્યાખ્યાયિત કરેલા હોય, તેને કેવા પ્રકારના વેરિયેબલ કહેવામાં આવે છે?

(A) Local variable (B) Class variable
(C) Instance variable (D) File variable

41) જાવામાં સુરક્ષા કે પ્રોટેક્શન (protection) માટેનાં ચાર P's માટે નીચેના પૈકી કયો વિકલ્પ સાચો નથી?

(A) Private (B) Packed
(C) Protected (D) Public

42) જાવામાં નીચેનામાંથી કયું પ્રોટેક્શન વાપરવાથી સૌથી ઉચ્ચ કક્ષાનું પ્રોટેક્શન મેળવી શકાય છે?

(A) Private (B) Packed
(C) Protected (D) Public

43) જાવામાં જો આપણે ડેટામાં ફેરફાર અન્ય (વ્યક્તિઓ) દ્વારા માન્ય રાખતા હોઈએ તો નીચેના પૈકી કઈ મેથડ લખવામાં આવે છે?

(A) accessor (B) messor
(C) mutator (D) tutator

44) જાવામાં સબક્લાસ બનાવવા માટે ક્લાસની વ્યાખ્યામાં નીચેના પૈકી કયો ચાવીરૂપ શબ્દ વાપરવામાં આવે છે?

(A) derived (B) extends
(C) child (D) sub

રફ કાર્ય

195 45) જાવામાં નીચેનામાંથી શું એરેની પ્રારંભિક ઈન્ડેક્ષ કિંમતનો ઉલ્લેખ કરે છે?

(A) –1 (B) 1

(C) null (D) 0

chap-7 46) જાવામાં જો 'str' એ string ક્લાસનો ઓબ્જેક્ટ હોય અને તેમાં "Best-Luck" માહિતી હોય, તો str.length() ની કિંમત કેટલી હશે?

(A) 11 (B) 9

(C) 10 (D) 8

208 47) જાવામાં જો આપણે Calendar ક્લાસની get મેથડમાં DAY_OF_WEEK પ્રાચલ તરીકે વાપરીએ, તો કયા પ્રકારની કિંમત પરત થશે?

(A) boolean (B) char

(C) string (D) int

194 48) જાવામાં સદિશ (vector), શ્રેણિક (matrix) અને અન્ય બહુ-પરિમાણીય (multi-dimensional) માહિતી રજૂ કરવા માટે નીચેના પૈકી કોણ ઉપયોગી છે?

(A) એરે (B) ઓબ્જેક્ટ

(C) ઈન્સ્ટન્સ (D) ક્લાસ

195 49) int marks[ ] = { 90, 60, 70, 65, 80};

ઉપરોક્ત જાવા વિધાનમાં int marks [4] નીચેના પૈકી કઈ કિંમત પરત કરશે?

(A) 80 (B) 70

(C) 65 (D) 60

---

રફ કાર્ય

50) જાવામાં સમગ્ર કે આંશિક એરેને ચોક્કસ કિંમતથી ભરવા માટે Arrays class ની કઈ મેથડનો ઉપયોગ થાય છે?

(A) binaryFill() (B) binarySort()

(C) fill() (D) sort()

51) જાવામાં નીચે આપેલ વિધાન દ્વારા એરે ઘોષિત કરવામાં આવે તો, તે મેમરીમાં કેટલા બાઈટ જગ્યા રોકે છે?

```
int marks [ ] [ ] =
      new int [5] [3] ;
```

(A) 3 (B) 60

(C) 5 (D) 15

52) જાવામાં string ક્લાસનો નીચેના પૈકી કયો કન્સ્ટ્રક્ટર એક પણ અક્ષર વગરનો સ્ટ્રિંગ ઓબ્જેક્ટ બનાવે છે?

(A) String(string literal) (B) String(char ary[ ])

(C) String(string strObj) (D) String()

53) જાવામાં string ક્લાસની નીચેના પૈકી કઈ મેથડ, મેથડ કોલ કરતી સ્ટ્રિંગના બધા જ અક્ષરોને કેપિટલ અક્ષરમાં પરિવર્તિત કરીને સ્ટ્રિંગ પરત કરે છે?

(A) String toUpCase() (B) String toCapCase()

(C) String toUpperCase() (D) String toChangeCase()

54) જાવામાં Date ક્લાસની નીચેના પૈકી કઈ મેથડ સિસ્ટમના તત્કાલીન સમયનો ઉપયોગ કરીને Date ઓબ્જેક્ટ બનાવે છે?

(A) Date() (B) Day()

(C) Dt() (D) Time()

---

રફ કાર્ય

55) ટાર (tar) નું આખું નામ શું છે?

(A) ટાઈટ આર્ચિવર
(B) ટેક આર્ચિવર
(C) ટેસ્ટ આર્ચિવર
(D) ટેપ આર્ચિવર

56) નીચેનામાંથી કયું મીડિયાપ્લેયર લાક્ષણિકતાની દ્દષ્ટિએ સમૃદ્ધ છે?

(A) VNC
(B) VEC
(C) VLC
(D) VAC

57) નીચેનામાંથી કઈ તક્નિક આપણા સ્થાનનો ચોક્કસ ખ્યાલ આપે છે?

(A) GPS
(B) GPRS
(C) GRPS
(D) GRS

58) કોઈ પણ યુનિકોડમાં (unicode) અક્ષરો દાખલ કરવા માટે કયા પ્રોગ્રામનો ઉપયોગ થાય છે?

(A) કેરેક્ટર સિલેક્ટ
(B) કેરેક્ટર ઈન્સર્ટ
(C) કેરેક્ટર મેપ (અક્ષર નકશો)
(D) કેરેક્ટર ડિસ્પ્લે

59) લિનક્સમાં ફાઈલોના જથ્થાને અથવા સોફ્ટવેરને વિતરણ કરવા માટે નીચેના પૈકી કયું ખૂબ જ સામાન્ય માળખું છે?

(A) ઝીપ બોલ
(B) ટાર બોલ
(C) જાર બોલ
(D) ટાટ બોલ

60) નીચેના પૈકી કોણ ઉપયોગકર્તાને અવાજ, લખાણ અને વીડિયોનો ઉપયોગ કરીને બીજા સાથે સંપર્ક કરવાની પરવાનગી આપે છે?

(A) Character Map
(B) SciTE
(C) Google Map
(D) Skype

રફ કાર્ય

61) ફોર્મ ઘટકનો અમલ કરવા માટે નીચેનામાંથી કયા ટેબનો ઉપયોગ કરવામાં આવે છે?

(A) <frm>...</frm>
(B) <form>...<form>
(C) </form>...</form>
(D) <form> ...</form>

62) ફોર્મ સબમિટ કરતી વખતે ફોર્મની વિગતો કયા સ્થાને મોકલવાની છે, તેની સ્પષ્ટતા માટે નીચેનામાંથી કઈ લાક્ષણિકતાનો ઉપયોગ કરવામાં આવે છે?

(A) input
(B) action
(C) submit
(D) method

63) નીચેનામાંથી કઈ પદ્ધતિ HTTP વ્યવહાર દ્વારા વિગતોને બ્લોક સ્વરૂપે મોકલવાની સુવિધા પુરી પાડે છે?

(A) POST
(B) SET
(C) PUT
(D) GET

64) HTML માં નીચેનામાંથી કયો ઘટક એકથી વધુ લીટીના નિવેશ માટે અનુમતી આપે છે?

(A) Form
(B) Input
(C) Select અને Option
(D) Textarea

65) નીચેનામાંથી કયું નિઃ શુલ્ક, ઓપનસોર્સ વેબવિકાસ માટેનું IDE છે?

(A) Base
(B) KompoZer
(C) SciTE
(D) HTML

66) HTML માં નીચેનામાંથી કયો ફિલ્ડનો પ્રકાર ટેક્સ્ટ ફિલ્ડ સમાન છે, પરંતુ તેમાં ઉમેરવામાં આવેલ અક્ષરો ઉપયોગકર્તા સમક્ષ દર્શાવવામાં આવતા નથી. તેને બદલે અક્ષરોનું અવાચ્ય સ્વરૂપમાં રૂપાંતરણ કરવામાં આવે છે?

(A) Radio
(B) Password
(C) Checkbox
(D) Select

---

રફ કાર્ય

06 67) કમ્પોઝરમાં જુદાં-જુદાં ટૂલબાર અને સ્ટેટસબાર (જો દેખાતાં ન હોય તો) દર્શાવવા માટે નીચેના પૈકી કયા મેનૂ-વિકલ્પનો ઉપયોગ થાય છે?

(A) Insert → Show/Hide
(B) Edit → Show/Hide
(C) View → Show/Hide
(D) File → Show/Hide

07 68) કમ્પોઝરમાં, HTML ટેગ વ્યૂમાં તમામ ટેગની શરૂઆત દર્શાવવા માટે નીચેના પૈકી કયા રંગના નિશાનનો ઉપયોગ કરવામાં આવે છે?

(A) પીળા (Yellow)
(B) વાદળી (Blue)
(C) કાળા (Black)
(D) લાલ (Red)

14 69) કમ્પોઝરમાં ફાઈલને સેવ કરીએ ત્યારે નીચેના પૈકી કયું અનુલંબન (extension) આપવામાં આવે છે?

(A) .docx કે .doc
(B) .jpeg કે .jpg
(C) .mp3 કે .mp4
(D) .html કે .htm

20 70) કમ્પોઝરમાં જે ફોર્મને અન્ય રંગ બેક ગ્રાઉન્ડમાં આપવો હોય તો, નીચેના પૈકી કયા મેનૂ-વિકલ્પનો ઉપયોગ થાય છે?

(A) Format → Page Colors and Background
(B) View → Page Colors and Background
(C) Insert → Page Colors and Background
(D) Edit → Page Colors and Background

25 71) નીચેનામાંથી કોનો ઉપયોગ વેબસાઈટમાં દર્શનીય ઘટકો માટેની શૈલી સ્પષ્ટ કરવા માટે થાય છે?

(A) Animation
(B) Webpage
(C) Form
(D) Cascading Style Sheets

25 72) નીચેનામાંથી CSS ની વાક્યરચના કઈ છે?

(A) Select{value:property}
(B) Selector{value:property}
(C) Selector{property:value}
(D) Select{property:value}

---

રફ કાર્ય

73) નીચેનામાંથી કઈ નિશાની દ્વારા જાવાસ્ક્રિપ્ટ બ્લોકની શરૂઆત અને અંત દર્શાવવામાં આવે છે?

(A) સાદા કૌંસ
(B) ચોરસ કૌંસ
(C) છગડિયા કૌંસ
(D) અર્ધવિરામ

74) જાવાસ્ક્રિપ્ટમાં નીચેનામાંથી કયા વિધાનનો ઉપયોગ વિધેયમાં કિંમત પરત કરવા માટે થાય છે?

(A) return
(B) send
(C) go
(D) submit

75) BOM એટલે શું?

(A) Browse Object Model
(B) Browser Object Model
(C) Browser Object Modelling
(D) Browser of Model

76) CSS style sheet ડાયલોગ બોક્ષમાં કયા વિભાગ (tab) માં નિર્માણ કરવામાં આવેલ CSS કોડ દર્શાવવામાં આવે છે?

(A) Lists
(B) General
(C) Box
(D) Text

77) નીચેના પૈકી CSS નો ગેરફાયદો કયો છે?

(A) જુદાં-જુદાં બ્રાઉઝર માટે CSS ની સુસંગતતા બદલાતી રહે છે.
(B) HTMLની સરખામણી માં CSS માં ઓછો કોડ ઉમેરવો પડે છે.
(C) CSS નો ઉપયોગ વેબસાઈટની રચનાને ઝડપી અને કાર્યક્ષમ બનાવે છે.
(D) web designer કાર્યને સરળ બનાવે છે.

78) document.write ("Hello Students"); ઉપરોક્ત જાવાસ્ક્રિપ્ટ વિધાનમાં પ્રક્રિયા (method) કોણ છે?

(A) students
(B) document
(C) hello
(D) write

રફ કાર્ય

**79)** નીચેના પૈકી કયું એ જાવાસ્ક્રિપ્ટનું આંતરપ્રસ્થાપિત (inbuilt) વિધેય છે?

(A) hello()
(B) form()
(C) alert()
(D) validateForm()

**80)** જાવાસ્ક્રિપ્ટમાં ચિત્ર દર્શાવવાનું રદ કરવામાં આવે ત્યારે નીચેના પૈકી કઈ ઘટના ઉત્પન્ન થાય છે?

(A) reset
(B) abort
(C) error
(D) change

**81)** જાવા સ્ક્રિપ્ટમાં નીચેના પૈકી કયા કી-વર્ડનો ઉપયોગ કરી ચલની ઘોષણા કરી શકાય છે?

(A) var
(B) VARIABLE
(C) VAR
(D) variable

**82)** નીચે આપેલ જાવાસ્ક્રિપ્ટ વિધાન કઈ કિંમત પરત કરશે?

isNaN (123);

(A) no
(B) false
(C) yes
(D) true

**83)** વ્યવસાયને આગળ વધારવા, ઉત્પાદન વેચવા અને વિશાળ પ્રમાણમાં ગ્રાહકોને આકર્ષવા માટે નીચેનામાંથી શું મદદરૂપ બને છે?

(A) CSS
(B) ડોક્યુમેન્ટ
(C) ફોર્મ
(D) વેબસાઈટ

**84)** વેબસાઈટમાં કેવી માહિતી હોવી જોઈએ?

(A) અપૂર્ણ, સંબંધિત
(B) સંપૂર્ણ, અસંબંધિત
(C) અપૂર્ણ, અસંબંધિત
(D) સંપૂર્ણ, સંબંધિત

---

રફ કાર્ય

55 85) વેબસાઈટના હોમપેજને કયું નામ આપી સંગ્રહ કરવો જોઈએ?

(A) one.html
(B) index.html
(C) home.html
(D) first.html

64 86) ઉપયોગકર્તાના કમ્પ્યૂટરમાં સંગ્રહ કરવામાં આવતા ચલને શું કહે છે?

(A) Java
(B) HTML
(C) Cookie
(D) Integer

55 87) વેબપેજનું શીર્ષક વેબ બ્રાઉઝરમાં કયાં દર્શાવવામાં આવે છે?

(A) ટૂલ બાર
(B) ટાઈટલ બાર
(C) સ્ટેટસ બાર
(D) મેનુ બાર

57 88) કમ્પોઝરમાં ચિત્ર ઉમેરવા માટે નીચેના પૈકી કયા મેનૂ-વિકલ્પનો ઉપયોગ થાય છે?

(A) Insert → Image
(B) Insert → Picture
(C) Insert → Photo
(D) Insert → Graphic

64 89) જાવાસ્ક્રિપ્ટનું નીચેનામાંથી કયું વિધેય વિગતોને અંકોમાં ફેરવે છે?

(A) parseData ()
(B) parseNumber()
(C) parseFloat()
(D) parseNum()

65 90) આપણા કમ્પ્યૂટર પરથી વેબહોસ્ટ પર ફાઈલોનાં સ્થાનાંતર માટે નીચેના પૈકી કયા પ્રોટોકોલનો ઉપયોગ કરવામાં આવે છે?

(A) IP
(B) ISP
(C) TCP
(D) FTP

---

રફ કાર્ય

91) નીચેના પૈકી કયા ઓપનસોર્સ IDE ની મદદથી PHP, Rails, Ruby કે Web માં પ્રોજેકટ બનાવી શકાય છે?

(A) KompoZer (B) BlueGriffon

(C) Amaya (D) Aptana Studio

92) અમાયા વેબ-એડિટરનો વિકાસ કોણે કર્યો હતો?

(A) W3C (B) Y3C

(C) Z3C (D) X3C

93) કઈ પ્રક્રિયા દ્વારા ગ્રાહકને ઉત્પાદનની કિંમત માટે બોલી લગાવીને ખરીદ કે વેચાણની સુવિધા પૂરી પાડવામાં આવે છે?

(A) નોંધણી (B) હરાજી

(C) પુસ્તકોની દુકાન (D) માર્કેટીંગ

94) નીચેનામાંથી કઈ વિશેષતા પરંપરાગત વ્યવસાયની છે?

(A) ગ્રાહકો ઉત્પાદનો અને યોજનાઓ શોધી શકે.

(B) ઈન્ટરનેટ પર જાહેરાત કરવામાં આવે.

(C) ચૂકવણી મેળવવા માટે ઈ-ચૂકવણીની પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે.

(D) નિશ્ચિત સમયગાળા માટે અથવા તો વ્યવસાયના કલાકોમાં પ્રક્રિયા કરવામાં આવે.

95) નીચેનામાંથી ઈ-કોમર્સનો ગેરફાયદો કયો છે?

(A) વ્યવસાયનો 24×7 સમય (B) ગ્રાહક સેવામાં સુધારો

(C) ઝડપ (D) ગોપનીયતા

96) જુદા-જુદા વ્યવસાયી ભાગીદારો વચ્ચે કરવામાં આવતી પ્રવૃત્તિઓને ઈ-કોમર્સની કઈ પ્રતિકૃતિ કહેવામાં આવે છે?

(A) વ્યવસાયીથી ગ્રાહક (B2C) (B) ગ્રાહકથી વ્યવસાયી (C2B)

(C) વ્યવસાયીથી વ્યવસાયી (B2B) (D) સરકારથી વ્યવસાયી (G2B)

રફ કાર્ય

97) નીચેનામાંથી કઈ ઈ-કોમર્સ પ્રતિકૃતિ દ્વારા એક સરકારી એજન્સી, સંસ્થા કે વિભાગ અન્ય સરકારી એજન્સી, સંસ્થા કે વિભાગ સાથે વાણિજ્યરહિત સંદેશાવ્યવહાર કરે છે?

(A) ગ્રાહકથી ગ્રાહક (C2C)
(B) ગ્રાહકથી વ્યવસાયી (C2B)
(C) સરકારથી સરકાર (G2G)
(D) વ્યવસાયીથી વ્યવસાયી (B2B)

98) ઈન્ટરનેટ પર ઈ-કોમર્સનો સૌપ્રથમ વિનિયોગ નીચેના પૈકી કયો હતો?

(A) ઓનલાઈન હરાજી
(B) ઈન્ટરનેટ પર પુસ્તકની દુકાન
(C) ઈલેક્ટ્રોનિક વર્તમાનપત્ર
(D) માર્કેટિંગ અને વેચાણ

99) સંસ્થાઓ કે બેન્કો દ્વારા ગ્રાહકોને મોકલવામાં આવતી સૂચનાઓ અને સ્મરણપત્રો (reminders) ઈ-કોમર્સના નીચેના પૈકી કયા વિનિયોગના ઉદાહરણ છે?

(A) માહિતી સેવા
(B) ઓનલાઈન બિલિંગ
(C) સહાય સેવાઓ
(D) માર્કેટિંગ અને વેચાણ

100) ઈ-કોમર્સની નીચેના પૈકી કઈ પ્રતિકૃતિ અવળી હરાજીને સમાવતી પદ્ધતિ છે, કે જ્યાં ગ્રાહક દ્વારા ઉત્પાદન કે સેવાની કિંમત નક્કી કરવામાં આવે છે?

(A) ગ્રાહકથી વ્યવસાયી (C2B)
(B) વ્યવસાયીથી વ્યવસાયી (B2B)
(C) ગ્રાહકથી ગ્રાહક (C2C)
(D) વ્યવસાયીથી ગ્રાહક (B2C)

રફ કાર્ય